# श्रद्धा, प्रसाद अने अध्यात्मप्रसाद

नगीन जी. शाह

बौद्ध धर्मदर्शन अने योगदर्शन बंने चित्तशास्त्र छे. तेमनी महत्त्वनी विभावनाओ अने पारिभाषिक शब्दोनुं साम्य नोंधपात्र छे. अभिधर्मकोशभाष्यमां श्रद्धानी व्याख्या आ प्रमाणे छे – **श्रद्धा चेतसः प्रसादः** / (२.२५). पांतजल सूत्र (१.२०) उपरना पोताना भाष्यमां व्यास श्रद्धानुं लक्षण नीचे मुजब आपे छे – **श्रद्धा चेतस ः संप्रसादः** । आ बंने व्याख्याओ शब्दशः एक ज छे. 'प्रसाद' शब्दनो अर्थ अनास्रवत्व छे, निर्मलता छे, शुद्धि छे. **प्रसादोऽनास्रवत्वम्।** स्फुटार्था टीका ८.७५. **यद्धि निर्मलं तत् प्रसन्नमित्युच्यते** । अभिधर्मदीपवृत्ति, पृ. ३६७. तत्त्वपक्षपात चित्तनो स्वभाव छे. **तत्त्वपक्षपातो हि धियां (चित्तस्य) स्वभावः** । योगवार्तिक १.८. राग–द्वेष–मोह ए चित्तनी अशुद्धिओ छे. ते चित्तना आ स्वभावने आवरे छे. ए अशुद्धिओनं दूरीकरण चित्तने शुद्ध करे छे. चित्तनी आवी शुद्धि चित्तनो संप्रसाद छे, ते ज श्रद्धा छे.

बौद्ध धर्मदर्शन अने योगदर्शन बंने ए निर्वितर्क – निर्विचार ध्यान या समापत्तिनी भूमिकाए चित्तमां जे वैशारद्य या शुद्धि प्रगट थाय छे तेने माटे 'अध्यात्मप्रसाद' पदनो प्रयोग कर्यो छे. बंने स्वीकारे छे के आ ध्यानमां वितर्क अने विचाररूप क्षोभ चित्तमांथी दूर थतां चित्तमां विशेष शुद्धि, वैशद्य, वैशारद्य प्रगटे छे. ते ज अध्यात्मप्रसाद छे. **वितर्कविचारक्षोभविरहात् प्रशान्तवाहिता सन्ततेरध्यात्मप्रसादः** । अभिधर्मकोशभाष्य ८.७. **'निर्विचारवैशारद्येऽध्यात्मप्रसादः** । योगसूत्र १.४७ प्रशान्तवाहिता पद पण बंने चित्तशास्त्रमां पारिभाषिक अर्थमां प्रयुक्त छे अने बंने स्थाने अेक ज अर्थ छे.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org